૬૩૪

ગુ.જા.નં.૦૮/૨૦૨૬
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ
આણંદ
તા.૦૧/૦૬/૨૦૨૬

વંચાણે લીધુ -

(૧) નામ. ગુજરાત હાઇકોર્ટના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩ તા.૨૩/૦૨/૨૦૨૪

(૨) ગુજરાત સરકારનુ ગેજેટ ના.૨૩/૦૨/૨૦૨૪

કચેરી આદેશ નં.૦૮/૨૦૨૬

હાલ અત્રેની કોર્ટોમાં આણંદ જીલ્લાના પોલીસ સ્ટેશન દ્વારા સેકસ્યુલ ઓફેન્સ તથા સેકસ્યુઅલ ઓફેન્સ સિવાયના કેસોમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૮૩ મુજબના નીવેદનો લેવા માટે ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, આણંદ મુકામે અરજી આપવામાં આવે છે અને તે અરજી લગત અત્રેની કોર્ટ દ્વારા ભોગબનનાર અથવા સાહેદોના નિવેદનો નોંધવા માટે કોર્ટની ફાળવણી કરવામાં આવે છે.નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આમુખોમાં દર્શાવિલ નોટીફીકેશન નં. સી/૨૦૦૧/૯૩ તા.૨૩/૦૨/૨૦૨૪ કરવામાં આવેલ છે અને તે અન્વયે ગુજરાત સરકાર દ્વારા તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ નોટીફીકેશન ગેઝેટમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જેથી હવે પછી અત્રેની કોર્ટમાં રજુ કરવાની થતી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૮૩ મુજબના નિવેદન લેવાની તથા તે લગત કરવાની થતી કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનોને નીચે મુજબની કોર્ટ ફાળવવામાં આવે છે. નોંધેલ નિવેદનની એક નકલ તપાસ કરનાર અમલદાર લેખિતમાં માંગે તો તેમને પુરી પાડવી તથા નોંધેલ નિવેદન સીલબંધ કવરમાં સબંધિત કોર્ટમાં મોકલી આપવું અને તે અંગેની જાણ અત્રેની કોર્ટને કરવી. આ હુકમ નો અમલ તા.૦૧/૦૬/ ૨૦૨૬ ના રોજથી કરવાનો રહેશે. હુકમની જાણ લાગતા વળગતા પોલીસ સ્ટેશનોને તથા તમામ કોર્ટોને કરવી.

અ.નં.	કોર્ટનુ નામ	પોલીસ સ્ટેશન
૧	બીજા એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ શ્રી. એ.એ.રૂંઝા સાહેબ	આણંદ ટાઉન પોલીસ સ્ટેશન
૨	ત્રીજા એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ શ્રી ડી.જે. પ્રજાપતિ સાહેબ	વિધ્યાનગર પોલીસ સ્ટેશન
૩	ચોથા એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ શ્રી એચ.જે.વસાવડા સાહેબ	(૧) આણંદ રૂરલ પોલીસ સ્ટેશન (૨) વાસદ પોલીસ સ્ટેશન
૪	એડી સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ શ્રી બી.પી.ઠાકર સાહેબ	(૧) ખંભોળજ પોલીસ સ્ટેશન (૨) આણંદ રેલ્વે પોલીસ સ્ટેશન (૩) આણંદ મહીલા પોલીસ સ્ટેશન

ઉપરોક્ત ટેબલમાં જણાવ્યા મુજબ કોલમ નં. ૩ની વીગતે જણાવેલ પોલીસ સ્ટેશનમાંથી આવતી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૧૮૩ મુજબના નીવેદનોની અરજીઓ કોલમ નં.૨ માં જણાવેલ જે-તે કોર્ટમાં સીધી રજુ કરવાની રહેશે.વધુમાં સદર વિષયને લગત અગાઉ જો કોઇ હુકમ થયેલ હોય તો તે હુકમ મુજબની અમલવારી કરવાની રહેશે.

ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ।/6/૨૬.
આણંદ

<u>નકલ રવાના</u>

(૧) મે, પ્રિન્સીપીલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ, આણંદ

(૨) શ્રી પોલીસ અધિક્ષક સાહેબ, આણંદ, શ્રી નાયબ પોલીસ અધિક્ષકશ્રી, આણંદ વિભાગ, આણંદ

(૩) અત્રેની તાબાની તમામ એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, આણંદ

(૪) અત્રેની તાબાની તમામ એડી.સીવીલ કોર્ટો, આણંદ

(૫) આણંદ ટાઉન પો.સ્ટે., આણંદ રૂરલ પોસ્ટે., વિધ્યાનગર પો.સ્ટે., વાસદ પો.સ્ટે., ખંભોળજ પો.સ્ટે., આણંદ મહીલા પો.સ્ટે., આણંદ રેલ્વે પો.સ્ટે,

(૬) એસ.પી. ઓફીસ આણંદ (હુકમની તમામ પો.સ્ટે. ને જાણ થવા સારૂ તેમજ જાણ કર્યા બાદ તે અંગેની જાણ અત્રેની કોર્ટને કરવી.)